ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૬૬ ટકા

# ટામેટા બાદ આદુના ભાવમાં ધરખમ વધારો

## ટી-સ્ટોલવાળાએ અને ઘરમાં ચામાં આદુ નાખવાની ટેવ હોય એમણે આદુના વપરાશમાં કાપ મુક્યો



ગાંધીનગર, તા.૪

ટામેટાં બાદ હવે આદુમાં પણ રોષ જોવા મળ્યો છે.બજારમાં આદુંનું ૨૦૦ થી ૩૦૦ રૂપિયામાં છૂટક વેચાણ કરવામાં આવી રહ્યું છે. મોંઘવારીની પીચ પર સદી ફટકારીને લીલા મરચાં પણ ૧૫૦થી ઉપર રમે છે. આ સાથે જીરૂ અને હળદર પણ આકાશને સ્પર્શી રહ્યા છે.બીજી તરફ ચોમાસામાં લીલા શાકભાજીએ પણ પોતાનું વલણ ધારણ કર્યું છે. પરવળથી લઈને રીંગણ અને ભીંડાથી લઈને રીંગણ ૫૦ થી ૧૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. શહેરમાં ડુંગળી પણ ૬૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગઈ છે.

સામાન્ય રીતે શિયાળામાં જ આદુના ભાવ હોય છે. આદુની કિંમતમાં ધરખમ વધારાને લીધે અદરકની ચા વેંચતા ટી-સ્ટોલવાળાએ અને ઘરમાં ચામાં આદુ નાખવાની ટેવ હોય એમણે આદુના વપરાશનું પ્રમાણ ઘટાડવું પડયું છે. કમોસમી વરસાદ અને કેટલાક ભાગોમાં કરા પડવાથી આદુના પાકને બહુ નુકસાન થયું છે. સામાન્ય રીતે નવી મુંબઈની માર્કેટમાં નાશિક, ઔરંગાબાદ, બુલઢાણા અને યવતમાળથી મોટા પ્રમાણમાં આદુની આવક થતી હોય છે. પરંતુ આ વખતે બુલઢાણા અને યવતમાળથી આદુની આવક સાવ ઘટી ગઈ છે. બીજી તરફ આદુની માંગમાં સતત વધારો થતો હોવાથી કિંમત વધવા લાગી છે.ભીંજાયેલા અને હલકી ક્લોલિટીના આદુનું પણ ઉંચા ભાવે વેચાણ થાય છે. વાવાઝોડા સમયે ફૂકાયેલા પવનના કારણે વેલામાંથી ફૂલ ખરી ગયા હતા તેમજ કેટલાક વેલાઓ તૂટી ગયા છે જેના કારણે હવે તે શાકભાજીની ઘટ વરતાઈ રહી છે આજ કારણથી અત્યારે શાકભાજીના ભાવ ગયા ચોમાસા કરતા પણ વધારે છે જે આગામી દિવસોમાં પણ યથાવત રહે તેવી પૂરી શક્યતા હોવાનું શાકભાજીના વેપારીઓ કહી રહ્યા છે. આદુના સ્વાસ્થ્યને લગતા લાભો આપણે બધા જાણીએ છીએ. આપણે આદુની ચા પીએ છીએ, આદુનો ઉકાળો બનાવીને આપણે પિતા હોઈએ છીએ. તેમાં એન્ટીઓક્સીડેન્ટ, એન્ટી-ઈન્ફલેમેટરી અને એન્ટીબેકટેરિયલ ગુણો જોવા મળે છે, સાથે જ વિટામિન્સ અને મિનરલ્સ પણ હોય છે, જ્યારે આ આદુ સૂકાઈ જાય છે ત્યારે સૂકું આદુ માત્ર સ્વાસ્થ્ય માટે જ ફાયદાકારક નથી, પરંતુ તે ચહેરા માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. સૂકા આદુમાં રહેલા ઔષધીય ગુણો ત્વચાને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. ચાના સ્ટોલવાળા કહે છે કે અમે ચાની કિંમત વધારી નથી શકતા. એટલે આદુના વપરાશમાં થોડો કાપ મૂકીને ચલાવીએ છીએ

## આર.સી. પટેલ હાઈસ્કૂલમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત અને ગાંધીનગર સ્થિત શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલમાં ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓની વચ્ચે ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધો. ૧૧નો વિદ્યાર્થી જોષી તેજ તુષારભાઈ ગુરૂપૂર્ણિમા વિષય પર વક્તવ્ય આપ્યુ હતું અને ધોરણ ૯ ના વિદ્યાર્થી વણઝારા રણવીર વિનોદભાઈ પણ ગુરૂપૂર્ણિમા વિશે વક્તવ્ય આપી ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. આ પ્રસંગે શાળાના કોમર્સ વિભાગના સુપરવાઈઝર વિનોદભાઈ પટેલે પણ વિદ્યાર્થીઓને ગુરૂપૂર્ણિમા નિમિત્તે જીવનમાં ગુરૂનું મહત્વ શું છે અને આદર્શ વિદ્યાર્થીના ગુણો પણ વિશેષમાં જણાવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના શિક્ષકો રૂપલબેન ધારેખાન, મલ્લિકાબેન પટેલ અને મનિષાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સર્વ વિદ્યાલય હોસ્ટેલમાં ગુરૂપૂર્ણિમા ઉજવાઈ



સર્વ વિદ્યાલય ગર્લ્સ હોસ્ટેલ સેક્ટર-૨૩માં ગુરુપૂર્ણિમા ઉજવવામાં આવી હતી. જેમાં હોસ્ટેલની વિદ્યાર્થીનીઓએ ગુહમાતા બેનોનુ કુમકુમ તિલક કરી સ્વાગત કયું હતું. હોસ્ટેલ સુપરિન્ટેન્ડેન્ટ વસંતીબેન દ્વારા ગુરુ પૂર્ણિમાનો અર્થ અને મહત્વ સમજાવવામા આવ્યું હતું. વિદ્યાર્થીનીઓએ ગુરુ-શિષ્યના બોધ આપતું નાટક, સંસ્થા ગીત રજુ કરવામાં આવ્યું હતું.




## સરસ્વતી વિદ્યાલયમાં ઉજવાયેલ ગુરૂપૂર્ણિમાનો કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૪

ગુરૂપૂર્ણિમા નિમિત્તે સેક્ટર-૬ ખાતે આવેલ સરસ્વતી વિદ્યાલયના આંગણે એક નાનકડો કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં પ્રાથમિક વિભાગના ધોરણ ૧ થી ૭ ના તમામ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓને નાટક, અભિનય ગીત, બાળગીત, રંગપુરણી તેમજ વક્તૃત્વ સ્પર્ધા જેવા કાર્યક્રમો યોજાઈ ગયા. તમામ શિક્ષકોએ ખૂબજ ઓછા સમયમાં બાળકોને તૈયારી કરાવી કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. જીવનમાં ગુરૂનું મહત્વ સમજાવી બાળકોને ગુરૂ પ્રત્યે આદર ભાવ અને માન વધે તેમજ પોતાના માતા-પિતા પ્રત્યે પણ માન રાખતા થાય તેવું શાબ્દિક પ્રવચન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે શાળા તરફથી તમામ વિદ્યાર્થીઓને ફળનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા બેન કરૂણાબેન દ્વારા સફળ રીતે કરવામાં આવ્યું હતું.

## બીબીએ કોલેજના NSS યુનિટ તેમજ ટીસીએસ કંપનીના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) કોલેજ તેમજ ટીસીએસ કંપની દ્વારા શહેરની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મહાત્મા ગાંધી શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજન માટે સંસ્થા તરફથી શ્રી નટુભાઈ લાડાણી સાહેબનો સહયોગ પ્રાપ્ત થયો હતો. બીબીએ કોલેજના આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીઓને વૃક્ષારોપણ કાર્ય માટે પ્રેરિત કર્યા હતા.કોલેજના ઉપાચાર્ય ડો. જયેશ તન્ના દ્વારા સંપૂર્ણ સંકલન કરવામાં આવ્યું હતું. દ્વજીજી પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ અને વોલીયંટર્સ ની ટિમ દ્વારા સંપૂર્ણ વૃક્ષારોપણ કાર્યક્રમ નું અમલીકરણ કરવામાં આવ્યું હતું.વોલીયંટર્સ ને વૃક્ષારોપણ નું મહત્વ તેમજ આ બાબતે જનજાગૃતિ માટે કાર્ય કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. ૪૦ જેટલા નવા વૃક્ષ નું સર્જન થાય તે માટે રોપણ કરવામાં આવ્યું હતું. અને આગામી દિવસોમાં વધારે આવા કાર્યક્રમો કરવા નેમ વ્યક્ત કરી હતી. જે માટે વિદ્યાર્થીઓ ઉત્સાહભેર તૈયારી બતાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષપર્યંત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ પ્રવૃતિઓ થાય છે. સમગ્ર પ્રવૃતિ માં ૨૦ વોલીયંટર્સ જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના, એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક યોજવામાં આવ્યો હતો.

## શેઠ સી.એમ.હાઈસ્કુલમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી

ગાંધીનગર, તા.૪

શેઠ સી.એમ.હાઈસ્કુલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ સે-૨૩ ખાતે ગુરૂપૂર્ણિમા ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. સૌપ્રથમ વિદ્યાર્થીઓએ ગુરૂપૂર્ણિમાના શ્લોકગાનથી વાતાવરણને દિવ્યતા આપી. આચાર્ય ડો.ચેતના અરુણ બુચે તેમના પ્રવચનમાં પોતાના ગુરૂઓ અને સંસ્થાના આદ્યસ્થાપક છગનભા, દાસકાકા અને સ્વ.માણેકલાલને યાદ કર્યા હતા અને વિદ્યાર્થીઓમાં ઉચ્ચ શિસ્ત અને સંસ્કારનું ઘડતર થાય તે માટે સુંદર પ્રેરક વાતો કરીને પ્રોત્સાહિત કર્યા હતા. ધો.૧૧ની





વિદ્યાર્થીનીઓએ શાળાના તમામ કર્મચારીઓનું તેમજ તમામ વિદ્યાર્થીઓનું કુમકુમ અક્ષતથી પૂજન કર્યું હતું. આ દિવસે શાળાના તમામ વિદ્યાર્થીઓએ અભ્યાસમાં તેજસ્વી થઈને શાળા તથા પોતાના કુટુંબનું સમાજમાં ઉન્નત સ્થાન પ્રાપ્ત કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. શાળા પરિવાર તરફથી સર્વેને ગુરુપૂર્ણિમા દિન નિમિત્તે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સુપરવાઈઝર મુકેશભાઈ પટેલ, એચ.એમ.અસારી તથા સર્વે સ્ટાફ મિત્રો ગુરુપૂર્ણિમાની ઉજવણીમાં જોડાયા હતા.

## ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલમાં "ગૌરી - વ્રત પૂજા " ની ઉજવણી




ગાંધીનગર, તા.૪

સરગાસણની એ ની પ્રખ્યાત ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલમાં "ગૌરી - વ્રત પૂજા " ની ઉજવણી કરવામાં આવી. જેમાં બાલિકાઓપરંપરગત પોશાક પહેરી જવેરા ની પૂજા કરાવવામાં એવું હતી. સંસ્થા દ્વારા બાલિકાઓ ને ફળ -ફળાદી ની વહેંચણી કરવામાં આવી હતી ના હેડ ટીચર ટ્વિકંલ નારિયા એ એ બાળકો ને ગૌરી - વ્રત તથા પૂજા નું મહત્વ સમજાવી જાગૃત કર્યા હતા. ડિવાઈન જુનિયર ના સ્થાપક શ્રીમતી ગીરાબેન ચૌધરી આવા દરેક કાર્યક્રમો યોજીને બાળકો નો સર્વાંગી વિકાસ કરી રાખ્યા છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.વિહોલ શણગારબા ભગવાનજી ઉ.વ.૮૮, પેથાપુર
- સ્વ.સોલંકી ઉજમબેન કાનાજી ઉ.વ.૭૪, આલમપુર
- સ્વ.ખારીયા અમાસુ માર્કુસ ઉ.વ.૩૫, ડાભલા, વિજાપુર



ગુરુપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે "ગુરુ વંદન છાત્ર અભિનંદન કાર્યક્રમ શ્રી. જે.એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગ્રાન્ટ વિભાગ ખાતે યોજાયો. જેમાં સંયુક્ત શિક્ષણ નિયામક, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,ગાંધીનગર ના ડો. એસ પી ચૌધરી સાહેબ મુખ્ય મહેમાન પદે રહ્યા. આ ઉપરાંત ચતુર્દશ અંકનો વિમોચન તેમજ ધોરણ ૯ થી ૧૨ ની વિદ્યાર્થીનીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ પણ યોજાયો. મુખ્ય મહેમાન તેમજ શાળાના આચાર્ય બેન શ્રી દ્વારા વિદ્યાર્થીનીઓ ને શુભેચ્છા પાઠવવામાં આવી.

## સમર્પણ કોલેજમાં કોલેજીયટ વુમન ડેવલોપમેન્ટ સેલ દ્વારા સેલ્ફ ડિફેન્સ તથા આર્ચરી પ્રોગ્રામ યોજાયો



ગાંધીનગર, તા.૪

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં કોલેજ વુમન ડેવલોપમેન્ટ સેલ દ્વારા સેલ્ફ ડિફેન્સ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં લાયન્સ કલબ, લિયો કલબ કથા પ્રતિભા એકેડેમીના શ્રી ગૌરાંગ રાણા તથા મિસ અનેરી દ્વારા વિદ્યાર્થીનીઓને સેલ્ફ ડિફેન્સ તથા આર્ચરી વિશે માહિતી આપવામાં આવી હતી અને તેની પ્રાથમિક તાલીમ આપવામાં આવી હતી. આ પ્રસંગે લાયન્સ કલબ તથા લીયો કલબના મહેમાનો હાજર રહ્યા હતા. કાર્યક્રમના સફળ આયોજન બદલ સીડબ્લ્યુડીસી કમિટી ના સભ્યો ડો. માર્ગી ભટ્ટ, પ્રો. હિરલ સુરતી, પ્રો. સલોની જોશી તથા પ્રો.ભૂમિ ઠક્કરને સંસ્થાના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, ડો. એમ ડી. પાંડે રજીસ્ટ્રાર અને ડોક્ટર રાજી ડેનીસે અભિનંદન પાઠવ્યા હતા.

## આર.એન. પ્રાયમરી સ્કૂલ ખાતે ડૉક્ટર દિવસની ઉજવણી



ગાંધીનગર, તા. ૪

શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી શાળામાં તારીખ ૩-૭-૨૦૨૩ને સોમવારના રોજ ડૉક્ટર દિવસની ઉજવણી કરવામાં આવી. બાળકોના સ્વાસ્થ્ય અને તંદુરસ્તીની જાળવણી માટે આજે શાળામાં ડૉક્ટર દિવસની ઉજવણીના ભાગરૂપે ડૉક્ટર હસમુખભાઈ ગોસ્વામી એમ.ડી.એસ. અને ડૉક્ટર ધરાબેન પટેલ (આશીર્વાદ ડેન્ટલ હોસ્પિટલ સેક્ટર-૭) બાળકોને થતી દાંતની બીમારી તથા રોગ વિશે ખૂબ જ સરસ રીતે સમજૂતી આપી તથા કેવી રીતે દાંતની જાળવણી કરી શકાય તેની માહિતી આપી બ્રશ કેવી રીતે કરાય અને શું કાળજી રખાય તેની સરસ રીતે માહિતી આપી.

શાળાના આચાર્ય દશરથભાઈ સાહેબે પુષ્પગુચ્છ આપી ડૉક્ટર હસમુખભાઈ સાહેબનું હાર્દિક અને શાબ્દિક સ્વાગત કર્યુ હતુ.

## જન્મદિને વધામણી



રમણલાલ ડી બારોટ
પૂર્વ પ્રમુખ, ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળ
મો. ૯૪૯૯૮ ૫૯૨૧૯



નિરંજન ઓઝા
ફોન : ૨૩૨૨૫૭૬૫



પલ્લવી જે શાહ
લાયોનેસ કલબ, ગાંધીનગર




ઈશ્વરભાઈ નાયી
મો. ૯૩૭૫૮ ૬૫૦૬૬



માહી સંજયભાઈ પંડ્યા



પૂર્વરાજસિંહ રાણા
મો. ૮૧૪૧૭ ૧૬૧૦૯



મિહિર પોમલ
મો. ૭૯૯૦૯ ૪૭૭૩૫